પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૮૭ | ૨૯ ડિસેમ્બર, ૨૦૧૯, રવિવાર; પોષ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉત્તર ભારતમાં ઠંડીનો હાહાકાર

## ઉત્તરપ્રદેશમાં ૨૮ લોકોના મોત : ઝારખંડમાં આઠ, બિહારમાં ૧૧ના મોત : હવામાન ખાતાની આગાહી ૨૯ ડિસે. સૌથી ઠંડો દિવસ રહેશે : મુખ્યમંત્રી યોગીએ બેઘર લોકોને ધાબળા વહેંચ્યા

લખનઉ,તા.૨૮

આખું ઉત્તર ભારત શીતલહેરની ઝપેટમાં આવી ગયું છે. હાડ થીજાવી દેતી ઠંડીની ઝપેટમાં આખું ઉત્તર પ્રદેશ આવી ગયું છે. અહીં ઠંડીને કારણે ૨૮ લોકોનાં મોત થયા છે. જ્યારે ઝારખંડમાં ૮ લોકો અને બિહારમાં ૧૧ લોકોના મૃત્યુ થયા છે. પ્રાપ્ત વિગત પ્રમાણે એકલા બુંદેલખંડ અને મધ્ય ઉત્તર પ્રદેશમાં ઠંડીને કારણે ૧૭ લોકોનાં મોત થયા છે. કાનપુરમાં ૧૦, વારાણસીમાં ચાર, ફતેપુર અને ઔરેયા અને કાનપુર દેહાતમાં બે-બે લોકોનાં મોત થયા છે. જ્યારે બાંદામાં એક વૃદ્ધ મહિલાએ દમ તોડી દીધો હતો. પ્રતાપગઢમાં એક યુવકનું ઠંડી લાગી જતાં મોત થયું હતું. પ્રયાગરાજના ફૂલપુરમાં ઠંડીથી એક મહિલા અને ખેતરમાં પાકની દેખરેખ રાખતા બે ખેડૂતોનાં મોત થયા છે.



હવામાન વિભાગના અંદાજ પ્રમાણે ૨૯મી ડિસેમ્બરનો દિવસ સૌથી ઠંડો રહી શકે છે. હવામાન વિભાગે રવિવારે સૌથી ઠંડો દિવસ રહેવાનું અનુમાન લગાવ્યું છે. જ્યારે અલીગઢમાં શુક્રવારે લઘુત્તમ તાપમાન ૩.૬ અને મહત્તમ તાપમાન ૧૧.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

આ દરમિયાન વારાણસીના પ્રવાસે આવેલા સીએમ યોગી આદિત્યનાથે ઠંડી દરમિયાન રેન બસેરાઓની મુલાકાત લીધી હતી. તેમણે જરૂરીયાતવાળા લોકોને ધાબળાનું વિતરણ કર્યું હતું.

સખત ઠંડીને કારણે ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં સ્કૂલ તેમજ કોલેજો આગામી થોડા દિવસ સુધી બંધ કરી કરી દેવામાં આવી છે. ગોરખપુર, વારાણસી અને ઈટાવા સહિત અનેક જિલ્લા શીતલહેરને કારણે બેહાલ છે. લોકો ઘરમાંથી બહાર નથી નીકળી શકતા. આ જિલ્લાઓમાં પારો છ ડિગ્રીથી નીચે આવી ગયો છે. ગોરખપુરમાં આઠમાં ધોરણ સુધીની સ્કૂલો ૨૯મી ડિસેમ્બર સુધી બંધ કરી દેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાં પારો ૧.૭ ડીગ્રી

## દિલ્હીમાં રેકોર્ડ બ્રેક ઠંડી : દિલ્હીમાં ઠંડીએ તોડ્યો ૧૧૮ વર્ષનો રેકોર્ડ : ઠંડીના કારણે સમગ્ર વાહન વ્યવહાર અસ્તવ્યસ્ત, જનજીવન ખોરવાયું

ન્યુ દિલ્હી,તા.૨૮

ચાલુ વર્ષે સામાન્ય શિયાળા પર કલાઈમેટ ચેન્જની ઘાતક અસર થઈ હોય તેમ દેશમાં રાજધાની દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારત કાતિલ અને સાચા અર્થમાં હાડ થિજાવી દે તેવી કડકડતી ઠંડીની ઝપટમાં આવી ગયું છે. કાતિલ ઠંડીથી એકલા યુપીમાં જ ૨૦ લોકો માર્યા ગયા છે. દિલ્હીમાં ૧૧૮ વર્ષમાં પહેલી વાર લોધી રોડ વિસ્તારમાં તાપમાન ૧.૭ ડીગ્રી નોંધાતા દિલ્હીવાસીઓ ફફડી ઉઠ્યા હતા. કેમ કે દિલ્હીમાં આટલી કાતિલ ઠંડી આ અગાઉ ક્યારેય નોંધાઈ નથી. હવામાન વિભાગે હજુ ઠંડી વધવાની આગૌહી કરતાં ઈશુના નવા વર્ષનો પ્રારંભ કાતિલ ઠંડીથી થાય તેમ છે. જ્યાં સૌથી વધારે ઠંડી અને બરફ વર્ષા થાય છે તે કાશ્મિર અને હિમાચલમાં સામાન્ય જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે. હિમાચલના કિનૌરમાં ઠંડાગાર હવામાનથી ઝરણું પણ થીજી ગયું તો શ્રીનગરમાં પણ દાલ સરોવર થીજી ગયાના અહેવાલ મળી રહ્યાં છે.



● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરક્રિયા



અમારા પૂજ્ય પિતાશ્રી ભરતભાઈ અભયસિંહ કવિ (ગઢવી-ચારણ), મૂળ ગામ : મયૂરનગર, જિ. સુરેન્દ્રનગર, હાલ : ગાંધીનગરનું તારીખ : ૧૯-૧૨-૨૦૧૯ના રોજ દુઃખદ નિધન થયેલ છે.

સદ્ગતની ઉત્તરક્રિયા તા. ૩૦-૧૨-૨૦૧૯ના રોજ બપોર ૧૨.૦૦ કલાકથી સૌરાષ્ટ્ર લેઉવા પાટીદાર સમાજવાડી, પોલીસ સ્ટેશનની સામે સેક્ટર-૭ ગાંધીનગર. ખાતે રાખેલ છે.

ગં.સ્વ. ગુણિયલબા ભરતભાઈ કવિ (પત્ની)

અલ્પાબા તુષારભાઈ કવિ (પુત્રવધૂ) — તુષાર ભરતભાઈ કવિ (પુત્ર)
નેહાબા કિશનસિંહ કવિ (પુત્રવધૂ) — કિશનસિંહ ભરતભાઈ કવિ (પુત્ર)
જિજ્ઞાબા દેવાંગ કવિ (પુત્રવધૂ) — દેવાંગ ભરતભાઈ કવિ (પુત્ર)

રૂદ્રદત્ત, રાજવી, અનુરાગ, નિર્મળ, જયતિ (પૌત્ર-પૌત્રીઓ)

મો. ૯૦૯૯૯ ૪૩૯૮૯ (દેવાંગ), ૯૮૨૪૦ ૭૬૬૬૮ (તુષાર), ૯૭૧૪૯ ૯૮૫૬૪ (કિશન)

# આજે ઝારખંડના મુખ્યમંત્રી તરીકે હેમંત સોરેન શપથગ્રહણ કરશે

રાંચી,તા.૨૮

ઝારખંડ મુકિત મોરચા(ઝામુમો), કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ(રાજદ) ગઠબંધનને પૂર્ણ બહુમતિ મળ્યા પછી સરકાર બનાવવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ૨૯ ડિસેમ્બરે હેમંત સોરેન રાજ્યના મુખ્યપ્રધાન તરીકે શપથ લેશે. શપથગ્રહણ સમારંભમાં ૬ મુખ્યપ્રધાન અને પાંચ પૂર્વ મુખ્યપ્રધાન સામેલ થશે. રાંચીના મોરહાબાદી મેદાનમાં હેમંત સોરેન રવિવારે મુખ્યપ્રધાન પદના શપથ લેશે.

● અનુસંધાન પાન-૭ પર










## Vશાલ SUPER MARKET

અપના બજાર બિલ્ડીંગ, સેક્ટર-૬/એ, ગાંધીનગર Mo. 98242 77883

૫-૮ શિવાલય રેસીડેન્સી, કુડાસણ,ગાંધીનગર Mo. 9376277883

હવે અમે આપના માટે લાવ્યા છીએ...

**શાકભાજી પણ**

● ટામેટા ● કોબીજ ● કોથમીર ● મેથીભાજી ● દૂધી - ૧ કિ. રૂ. ૧૫
● બટાકા ● ફુલાવર ● લીંબુ - ૧ કિ. રૂ. ૨૫
● મરચા ● તુવેર ● વટાણા - ૧ કિ. રૂ. ૪૦

અન્ય બીજી શાકભાજી પણ ઉપલબ્ધ છે...

| આઈટમનું નામ | ભાવ રૂ. |
| --- | --- |
| અમૂલ-સાગર-મધુર - પતંજલી - ગોવર્ધન ઘી ૧ લીટર, ૨ લીટર, ૫ લીટર | રૂ. ૨૦ Off |
| મધુર ખાંડ ૫ કિલો (એમઆરપી. ૩૦૦) | રૂ. ૨૧૦/- |
| સર્ફ એક્સલ મેટીક ૨ કિલો - (ફ્રન્ટ એન્ડ ટોપ લોડ) | રૂ. ૧૦૦ Off |
| એરીયલ મેટ્રીક - ૨ કિલો (ફ્રન્ટ એન્ડ ટોપ લોડ) | રૂ. ૧૦૦ Off |
| રામદેવ - મરચુ - પાવડર ૧ કિલો, | રૂ. ૩૦ Off |
| બધા જ શેમ્પુ - ૬૦૦ ML + | રૂ. ૧૫૦ Off |
| વાઘબકરી ચા - ટાટા અગ્નિ ચા (૧ કિલો.) | રૂ. ૨૦ Off |
| પારલે ચોકલેટ/બિસ્કીટ બધા જ (કિંમત ૩૦ ઉપર) | ૧૦ % Off |
| સફોલા ગોલ્ડ ૫ લિટર + ૧ લિટર ફ્રી | રૂ. ૭૭૦/- |
| બધા જ કમ્ફર્ટ વોશ-૮૬૦ મીલી, કોલગેટ-૨૦૦+૧૦૦ ગ્રા. | રૂ. ૧૦ Off |
| ડવ બાથ શોપ - ૧૦૦ ગ્રામ X ૩ | રૂ. ૫૨ Off |
| સર્ફ એક્લેસ / એરીયલ મેટ્રીક ૪+૨ કિ. | રૂ. ૧૫૦ Off |
| રીન પાવડર ૪ કિલો. | રૂ. ૭૦ Off |
| હાર્પીક - ૧ કિલો | રૂ. ૧૫ Off |
| બોર્નવીટા-૧ કિલો ● વીમ ડીશવોશ લીક્વીડ ૧.૮ લી. | રૂ. ૬૦ Off |
| અંગુર તુવેરદાળ ૫ કિ. પેક (એમઆરપી-૬૦૦) | રૂ. ૫૧૦/- |
| આશીર્વાદ આટા ૫ કિલો (એમઆરપી.-૨૦૬) | રૂ. ૧૭૫/- |
| ગોપાલ પાપડ ૫૦૦ ગ્રામ | રૂ. ૭૭/- |
| લીજ્જત પાપડ ૧ કિલો. (એમઆરપી-૨૮૨) | રૂ. ૩૦ Off |
| તલોદ ખમણ ૫૦૦ ગ્રામ | ૨૦% Off |
| યશ મઠીયા ૫૦૦ ગ્રામ (એમઆરપી-૧૫૦) | રૂ. ૧૧૦/- |
| ધરતી ચાટપુરી ૨૦૦ ગ્રામ (એમઆરપી-૩૦) | રૂ. ૨૩/- |
| મેગી ૪ પેક ૨૮૦ ગ્રામ (એમઆરપી-૪૫) | રૂ. ૪૦/- |
| તલ જીએમ લુઝ - ૧ કિલો | રૂ. ૧૬૫/- |
| ચોખા ગુ.-૧૭ શિવશક્તિ નવા ૨૫ કિ. | રૂ. ૯૦૦/- |
| અપ્પુ દિવેલ ૧ લિટર | રૂ. ૧૩૦/- |
| ડાબર ચ્યવનપ્રાશ ૧ કિલો (એમઆરપી ૩૧૦) | રૂ. ૨૬૫/- |
| ગુંદર બાવળ ૧ કિલો | રૂ. ૧૪૫/- |
| સુંઠ પાવર ૧ કિલો | રૂ. ૫૩૦/- |
| મેથી પાવડર ૧ કિલો | રૂ. ૯૦/- |
| ગુજરાત વન નિગમ - મધ ૧ કિલો | રૂ. ૩૦ Off |
| ફોરચ્યુન સન ફ્લાવર ઓઈલ ૧૫ લિટર ટીન | રૂ. ૧૪૭૫/- |
| અંકુર સીંગતેલ ૧૫ લિટર ટીન | રૂ. ૧૮૬૦/- |
| અંકુર કપાસીયા તેલ ૧૫ લિટર ટીન | રૂ. ૧૪૬૦/- |

નોંધ : તમામ ઓફર સ્ટોક હશે ત્યાં સુધી જ ઉપલબ્ધ / સ્કીમ ફેરફાર કંપનીને આધીન

